# ગાંધીબાપુના ફોટોવાળા રૂપિયા અમેરિકામાં હાલે?




**આપણી આસપાસ**

★ મિત્તલ પટેલ

સારા સમયની વાટ જોઈએ પણ ખરું કહું, આપણે માનીએ એ જ સારો સમય. મેં સંકલ્પ કર્યો કે હું જે પણ કમાઈશ એ કમાણીમાંથી 5% હું આ ડબ્બામાં નાખીશ એ પણ પૂરી ઈમાનદારીથી. આ 2 ડબ્બા મારી કમાણીના 5%ના.''

''તમે ઓફિસ છો મારે મળવા આવવું છે?'' એક બહેને ફોન પર કહ્યું. અમે હા પાડી. લગભગ કલાકમાં એક બહેન પોતાના સ્કૂટર પર અમારા કેમ્પસમાં દાખલ થયાં. તેમના હાથમાં એક ડબ્બો હતો. ડબ્બો ટેબલ પર મૂકતા એમણે કહ્યું, ''અનુદાનનો ડબ્બો.''

વડોદરામાં રહેતા પંકજભાઈએ એક વખત ફોન કરીને 413 રૂપિયાનું અનુદાન મોકલવું છે કેવી રીતે મોકલાવું એવું પૂછેલું. એમના મોઢે આવી અજુગતી રકમ સાંભળી નવાઈ લાગી. પંકજભાઈ પરિચિત હતા એટલે સામાન્ય રીતે લોકો 101, 501 આવી રકમને શુભ માને ત્યારે આ 413? એવું પૂછ્યું ને જવાબમાં એમણે કહ્યું, ''મેં મારા ઘરમાં તમારા નિમિત્તે ગલ્લો મૂક્યો છે. આ ગલ્લામાં અમે રોજ સાંજે અમારી પાસે ભેગી થતું પરચૂરણ તેમ જ ઘરમાં કોઈ સારા સમાચાર આવ્યા હોય તો એ નિમિત્તે નાનકડી રકમ નાખવાનું નક્કી કર્યું છે. આ ગલ્લો અમારે દર 2 મહિને ખોલવાનો ને એમાંથી જે રકમ નીકળે એ તમને મોકલવાની. તે પહેલી વાર આ ગલ્લો ખોલ્યો ને એમાંથી 413 નીકળ્યા.'' મને આ બહેને પણ પંકજભાઈ જેવો કીમિયો કર્યાનું લાગ્યું. બહેને થોડી આડીઅવળી વાતો કરી વિદાય લીધી.

એમણે આપેલો ગલ્લો મેં કબાટમાં મૂક્યો. લગભગ ત્રણેક મહિના પછી પાછો બહેનનો ફોન આવ્યો અને એમણે પેલો ગલ્લો ખોલ્યા અંગે પૂછ્યું. માફી માંગી વાત વીસરાઈ ગઈ હોવાનું કહ્યું, એમણે કહ્યું, ''કાંઈ વાંધો નહીં પણ હવે ખોલી દેજો, એમાં 2000ની નોટ છે ને સપ્ટેમ્બર પછી 2000ની નોટ નહીં ચાલે અને મારે બીજો ગલ્લો આપવા આવવું છે તો ક્યારે આવું?'' અમે સમય નક્કી કર્યો પણ હવે મને આ બહેનમાં રસ પડ્યો. ફરી એ ગલ્લા સાથે મારી સામે આવીને બેઠાં.

''આમ તો ગલ્લો આપી દીધા પછી મારે એના વિષે ન પૂછવું જોઈએ પણ મને લાગ્યું કે કદાચ તમે ગલ્લો નહીં ખોલ્યો હોય એટલે મેં ખોલી નાખવા કહ્યું.'' મેં એમને, 'આ ગલ્લા?' બહેને હસતાં હસતાં કહ્યું, ''મારી ક્ષમતા સામટી મોટી રકમનું દાન કરવાની નથી પણ નાનપણમાં મા-બાપ પાસેથી સાંભળેલું કે કમાણીનો ચોક્કસ ભાગ દાનમાં કાઢવો જોઈએ. મનમાં ભાવ ઘણી વખત થતો પણ અમલ નહોતી કરી શકી. પૈસાની ઘટ તો હંમેશાં રહેતી એટલે પ્રાથમિકતા એને જ આપતી પણ મારા ઘરવાળા કોરોનામાં ગુજરી ગયા. 2 દીકરા ભણે. ખરું કહું તો એ વખતે હેબતાઈ ગયેલી. હું ઈમીટેશન જ્વેલરી બનાવી વેચવાનું કરું. એ ધંધો હતો એટલે હું ટકી ગઈ. પહેલાં દાનનો વિચાર આવતો ત્યારે હંમેશાં થોડું ભેગું થઈ જાય પછી કરીશ એમ વિચારતી પણ મારા ઘરવાળા ગયા ત્યારે સમજાયું કે, જીવનનો કોઈ ભરોસો નહીં. સારા સમયની વાટ આપણે જોઈએ પણ ખરું કહું તો આપણે માનીએ એ જ સારો સમય. એ વખતે સંકલ્પ કર્યો કે, હું જે પણ કમાઈશ એ કમાણીમાંથી 5% હું આ ડબ્બામાં નાખીશ એ પણ પૂરી ઈમાનદારીથી. આ 2 ડબ્બા મારી કમાણીના 5%ના.''

''તમારા નામ સાથે મારે આ વાતને લખવી છે'' તો એમણે કહ્યું, ''એ ન કરો. ઘરમાં બધાના ગળે આ વાત નથી ઊતરતી. રખે ને નામ સાથે વાંચે તો પાછી બબાલ થાય.'' બહેન ગયા પછી એમના બેય ડબ્બા ખોલ્યા ને એમાંથી 1,56,000 જેટલી રકમ નીકળી. ઘડીક વાર માટે તો હું ને સ્ટાફના સૌ એકદમ શૂન્યમનસ્ક થઈ ગયા. બહેનને ફોન કરી રકમ જણાવી તો એમણે કહ્યું, ''એ જે નીકળે એ, મેં તો તમને આપી. તમારો એમાંથી જે કરવું હોય એ કરજો.''

બહેન સાથે વાત કરતા મહાભારતનો એક પ્રસંગ યાદ આવ્યો, ભગવાન શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠર એક મહત્ત્વની બાબત પર ચર્ચા કરી રહ્યા હતા. એ વખતે એક ભિક્ષુક દ્વાર પર આવ્યો ને ભીક્ષાંદેહી કહ્યું, અવાજ સાંભળી યુધિષ્ઠિરે એમને આવતી કાલે આવવા કહ્યું. ભિક્ષુક જતા રહ્યા ત્યાં ભગવાન કૃષ્ણએ તાળી પાડી દરવાનને બોલાવ્યો અને કહ્યું,'' નગરમાં ઢોલનગારા વગડાવો, ઉત્સવ ઉજવવાની તૈયારી કરો.'' યુધિષ્ઠરને આ સાંભળી નવાઈ લાગી. એમણે ભગવાનને બોલતા અટકાવી કહ્યું, ''કેમ ઉત્સવ ઊજવવાનો છે?'' ભગવાને કહ્યું, ''કેમ તમે ભવિષ્યવેત્તા થઈ ગયા. આવતી કાલે શું થવાનું છે એની તમને ખબર પડી ગઈ.'' યુધિષ્ઠિર વાતના મર્મને સમજી ગયા. એમણે તરત દરવાનને પેલા ભિક્ષુકને પરત બોલાવવા કહ્યું ને એ આવ્યા પછી એને ભિક્ષા આપી. આવતીકાલ આપણે કોઈએ જોઈ નથી છતાં આપણે સમય આવે અથવા મારી પાસે આટલી સગવડ થઈ જાય પછી હું સેવાધર્મ પાછળ સમય આપીશ કે દાન કરીશ એવું કહીએ પણ આપણે ધારેલો સમય આપણા જીવનમાં ન પણ આવે. આમ વાટ જોયા વગર જ્યારે સૂઝ્યું ત્યારે કરવું એ અગત્યનું.

રાજકોટના કાંગસિયા સમાજના આગેવાન રવજીભાઈ રાજકોટ બજારમાં તેમનાં પત્ની સાથે પથારો પાથરી શૃંગાર પ્રસાધનો વેચતા. અમે એમને ધંધો વધારવા લોન આપી. આજે રાજકોટમાં એમની મોટી દુકાન, હોલસેલના એ વેપારી થઈ ગયા. એ સુખી થયા પણ મનછા સમાજના અન્યોના સુખની. તે સમાજના વીસેક તરવરિયા યુવાનોને ધંધો કરવા લોન માટે મદદ કરોની વાત લઈને અમદાવાદ આવ્યા. બધા યુવાનોની ધંધા માટે હોંશ જોઈને અમે સહમતિ આપી ત્યાં રવજીભાઈએ આ યુવાનોને કહ્યું, ''જુઓ સંસ્થા તમને મદદ કરશે. તમે 2 પાંદડે થાશો પણ તમારે તમારા જીવનમાં ધર્માદો નથી ભૂલવાનો. આપણે ભારતમાં રહીએ. અહીંયા ગાંધીબાપુના ફોટોવાળા રૂપિયા હાલે પણ આ રૂપિયા લઈને અમેરિકા જાઈએ તો એ ત્યાં હાલે?'' રવજીભાઈના સવાલ સામે બધાએ માથું ધુણાવી ના પાડી એટલે રવજીભાઈએ કહ્યું, ''બસ આમાં હમજી જાવ.

ભગવાને સૌને સમય એક સરખો આપ્યો છે. આપણે તેનો ઉપયોગ કેમ કરવો તે આપણે નક્કી કરવાનું. જીવનની સાર્થકતા, સફળતા બધુંયે એના ઉપર જ નિર્ભર...''

# ચાની ચાહતનો દરિયો ઉછળે છે, ભઈ ચા લાવો...



**ઘટ ઘટ પાની**

★ માવજી મહેશ્વરી

આપણને સવાર પડતાં જ શું યાદ આવે છે? જો કે ઘણાને જાત જાતની યાદ આવતી હશે પણ મોટાભાગના લોકોની આંખ ખૂલે એટલે ચા યાદ આવે. એવું લાગે છે કે ચા આપણી નસોમાં વહેતી થઈ ગઈ છે. ચા ભારતનું સાર્વજનિક પીણું છે એવું કહેવા કરતાં ચાને બિનસાંપ્રદાયિક પીણું કહેવું વધારે યોગ્ય છે કારણ કે ચા ભારતના બધા જ પ્રાંત અને સંપ્રદાયોમાં પીવાય છે. તમને ખબર છે ચાની શોધ કોણે કરી? આમ તો ખાદ્યપદાર્થોની શોધ ઉપર કોઈ એક મનુષ્યનો હક હોતો નથી પણ ચાની શોધ વિશે ચીનમાં એક મજેદાર વાર્તા પ્રચલિત છે. વર્ષો પહેલાં ચીનનો સમ્રાટ શેનોંગ શિકારે નીકળ્યો હતો. અચાનક પેટ બગડ્યું એટલે તેણે રસાલો રોકી દીધો. સાંજના સમયે સમ્રાટ શેનોંગ જંગલમાં રાવટીની બહાર ગરમ પાણીની ચુસ્કીઓ લઈ રહ્યો હતો. પવનને કારણે એક વનસ્પતિના થોડાંક પાંદડાં ઊડીને ગરમ પાણીના કટોરામાં પડ્યા. પાણીનો રંગ જરા બદલાયો. સમ્રાટ શીનોંગે એ રંગીન પાણીનો ઘુંટડો ભર્યો તો તેના સ્વાદ અને સુગંધથી તે આશ્ચર્યચકિત થઈ ગયો. તે પછી એ વનસ્પતિના પાન ઉકાળીને પીવાતા થયા. ચીનમાં ચાની શોધ વિશે આવી લોકવાયકા ચાલે છે. જો કે ખરી હોય કે ખોટી પણ ચાની શોધ ચીનમાં થઈ હતી તે હકીકત છે. ચા ચાઈનીઝ ભાષાનો શબ્દ છે. ચા માટે અંગ્રેજીમાં વપરાતો ટી શબ્દ પણ ચાઈનીઝ છે. ગુજરાતી સહિત દુનિયાની આઠેક ભાષાઓમાં ચાને ચા જ કહેવાય છે.

ચાના પ્રચાર અને પ્રસારમાં બૌધ્ધ ધર્મગુરુઓ અને પ્રચારકોનો મોટો ફાળો છે. જો કે એ સમયે ચા માત્ર એશિયામાં જ હતી. ચાને વિશ્વ સ્તર પર ફેલાવવાનું કામ અંગ્રેજોએ કર્યું. આપણી આગલી પેઢીઓને ચાની આદત પાડનારા પણ અંગ્રેજો જ હતા. જો કે અંગ્રેજ પ્રજામાં ચાએ કઈ રીતે પગપેસારો કર્યો તેની એક કહાની છે. 1660માં બ્રિટનના રાજા ચાર્લ્સ બીજાના લગ્ન પોર્ટુગલની રાજકુમારી કેથરીન સાથે થયા. કેથરીનને ચાની આદત હતી. લગ્ન બાદ તે ચાની આદત પોતાની સાથે ઈંગ્લેન્ડ લઈ ગઈ અને ચા રાજમહેલમાંથી નીકળીને બ્રિટિશ સમાજમાં ફેલાઈ ગઈ. જો કે આશ્ચર્યજનક હકીકત એ પણ છે કે ચા માટે ઈંગ્લેન્ડ અને ચીન વચ્ચે ખૂંખાર યુધ્ધો પણ થયા છે. ચાનો ધીકતો વેપાર હતો. ઈસ્ટ ઈન્ડિયા કંપની ચાના વેપાર સાથે સીધી રીતે સંકળાયેલી હતી પરંતુ ચાનું ઉત્પાદન ચીનમાં થતું. અંગ્રેજોને ચાના બદલામાં ચીનને ચાંદી આપવી પડતી તે ખટકતું હતું. તે સમયે ચીનમાં અફીણનો વ્યાપક વપરાશ થતો એટલે અંગ્રેજોએ ભારતમાં અફીણની ખેતી શરૂ કરી અને ચીની શાસકો સામે ચાના બદલે અફીણ આપવાની વાત મૂકી. ચીની શાસકોએ અંગ્રેજોની આ અયોગ્ય માગણી ફગાવી દીધી તો ધુંધવાયેલા અંગ્રેજોએ ચીન પર લશ્કરી આક્રમણો શરૂ કર્યા. બ્રિટનની આ લશ્કરી કાર્યવાહી ઈતિહાસમાં અફીણ યુધ્ધ (ઓપિયમ વૉર) તરીકે ઓળખાય છે. બ્રિટન સામે ચીન નબળું સાબિત થયું એટલે ચીને મજબૂરીથી બ્રિટનની માગ સ્વીકારી. તે પછીના વર્ષોમાં ચીની સમાજ અફીણનો બંધાણી બની ગયો હતો. સમય જતાં અંગ્રેજોએ વિચાર્યું કે, શા માટે ચીન પાસેથી ચા ખરીદવી પડે? ભારતમાં ચાની ખેતી માટે અનુકૂળ વાતાવરણ હતું જ. અંગ્રેજોએ આસામ અને દાર્જીલિંગમાં ચાનું વાવેતર શરૂ કર્યું. શ્રીલંકામાં પણ ચાના બગીચા બનાવનાર અંગ્રેજો હતા.

આજે ભારતમાં ચાનો કપ દેશના દરેક ખૂણે ઉપલબ્ધ છે. ગુજરાત પણ એમાંથી બાકાત નથી. તેમ છતાં ગુજરાતી સમાજમાં ચા બિચારી વર્ષો સુધી અણમાનીતી રહી હતી. ચા પીવી હાનિકારક છે તેની ચર્ચા કરનારા આજે પણ મળી આવશે. ચાનો વિરોધ હવે કોઈ ખૂણે જોવા મળશે પણ ચાની તરફદારી કરનારાની જગતમાં બહુ મોટી ફોજ છે. ચા વિશે થયેલાં સંશોધનો દર્શાવે છે કે આ પીણાંની આદત બાળકો માટે સારી નથી હોતી. કેટલાક લોકો ખોરાકની બાબતમાં ઘસીને ના પાડી દેવાની કાબેલિયત રાખતા હોય છે. 1618ની સાલમાં ચીની શાસકે ચીનમાં રહેલા રશિયન રાજદૂતને પોતાના રાજમહેલમાં બોલાવી રશિયાના તે વખતના રાજા ઝાર માઈકલ પહેલા માટે ચાની ભેટ સ્વીકારવા વિનંતી કરી. ચીની શાસકે રશિયન રાજદૂતને ખુશ કરવા ભેટ આપવાના જથ્થામાંથી એક કપ ચા જાતે બનાવી અને રશિયન રાજદૂતને સ્વાદની જાણ હેતુ પીવા કહ્યું. રશિયન રાજદૂતને કોઈ કારણસર ચા બિલકુલ ન ભાવી. તેણે ચીની શાસકની ભેટનો અસ્વીકાર કર્યો. પરિણામ એ આવ્યું કે આખીય રશિયન પ્રજા 50 વર્ષ સુધી ચાના સ્વાદથી પાછળ રહી ગઈ. આજે ચા રોજિંદા જીવનનો મહત્ત્વનો હિસ્સો બની ગઈ છે. ચામાં નશો રહેલો છે એવું વિજ્ઞાન કહે છે. રસાયણશાસ્ત્રીની પ્રયોગશાળામાં ચાના નશાનો અર્થ જુદો હોય છે અને મહેમાનો માટે કપમાં રેડાતી ચામાં રહેલા નશાનો અર્થ જુદો હોય છે.